

તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન
જૂન
Part 1
2026
કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
Crack G GPSC
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - RFO
Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ
CCE | TAT | TET | HTAT
7600051070

# Most Imp Current Affairs – 1 to 15 June 2026

## 1 જૂન

- વિશ્વ દૂધ દિવસ 1 જૂન. સંયુક્ત રાષ્ટ્રના ખાધ અને કૃષિ સંગઠન દ્વારા આ દિવસ વર્ષ 2001 થી ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. દૂધને સંપૂર્ણ આહાર ગણવામાં આવે છે અને તે શરીરને કેલ્શિયમ, વિટામિન D અને પ્રોટીન જેવા પોષક તત્વો પૂરા પાડે છે. થીમ: 'Celebrating women farmers'.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 51મી પ્રગતિ બેઠકની અધ્યક્ષતા કરી. આ બેઠકમાં નવ રાજ્યોમાં ફેલાયેલા રેલવે તથા પાવર અને રોડ સેક્ટરના આશરે 30 હજાર કરોડ રૂપિયાના મહત્વના પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં આવી. PRAGATI (Pro active governance and timely implementation) પ્રોજેક્ટ સામાન્ય રીતે રૂફટોપ સોલાર અને કેનાલ મોડલ દ્વારા શહેરોમાં રૂફટોપ સોલાર ઉર્જાના પ્રચારને મિશન મોડમાં ઝડપી બનાવવા અને કેનાલના પાણીના બાષ્પીભવન અટકાવવા માટે કામ કરે છે.

- કેન્દ્રીય સંરક્ષણ **સચિવ રાજેશકુમાર સિંહને** ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (DRDO)ના સેક્રેટરી અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ તરીકે વધારાનો ચાર્જ આપવામાં આવ્યો.

- ભારતીય અમેરિકન વિદ્યાર્થી **શ્રેય પરીખે** સ્ક્રીપ્સ નેશનલ સ્પેલિંગ બી 2026નો ખિતાબ જીત્યો. આજ સ્પર્ધામાં તેણે 90 સેકન્ડમાં 32 શબ્દોના સાચા સ્પેલિંગ જણાવીને વિજય મેળવ્યો છે.

- જેફ બેઝોસની **સ્પેસ કંપની બ્લુ ઓરિજિનના** રોકેટમાં ફ્લોરિડાના કેપ કેનાવેરલ ખાતે ટેસ્ટિંગ દરમિયાન બ્લાસ્ટ થયો. આ બ્લાસ્ટ ન્યુ ગ્લેન રોકેટના ટેસ્ટીંગ દરમિયાન થયો હતો.

- ભારત સરકાર દ્વારા **પુડુચેરી** ખાતે બે નવા સ્પેશિયલ ઇકોનોમિક્સ ઝોનની જાહેરાત કરવામાં આવી. **ઓલ્ગારેટ મ્યુનિસિપાલિટી (Oulgaret Municipality)** દ્વારા **થટ્ટાનચાવાડિ ગામ** ખાતે આ SEZ બનાવવામાં આવશે. કોઈ સ્થાનિક સરકાર SEZ બનાવ્યો હોય તેવો આ ભારતનો પ્રથમ કિસ્સો છે. બીજો પ્રોજેક્ટ **PIPDIC સંસ્થા** દ્વારા **કરાસુર** ગામમાં બનશે. SEZ એક એવો ખાસ વિસ્તાર છે જ્યાં બિઝનેસ અને નિકાસ વધારવા માટે ટેક્સમાં છૂટછાટ અને સરળ નિયમો આપવામાં આવે છે. ભારતમાં આ કાયદો 2005માં બન્યો અને 2006થી તેનો અમલ થયો.

- નવી દિલ્હીના **ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતે એવીએશન વેધર મોનિટરિંગ સિસ્ટમ SKYCASTનું ડો**. જીતેન્દ્ર સિંહ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ સિસ્ટમ ભારત સરકારના ફ્લેગશીપ કાર્યક્રમ મિશન મોસમ હેઠળ વિકસાવવામાં આવે છે, જેનો હેતુ હવામાનની આગાહીને વધુ સચોટ બનાવવાનો છે. શિયાળામાં દિલ્હીમાં ભારે અને ખરાબ વિઝીબીલીટીના કારણે ફ્લાઇટ મોડી, થવી કેન્સલ થવી કે ડાયવર્ટ થવાની સમસ્યાઓ આ ટેકનોલોજીથી દૂર કરી શકાશે. આ સિસ્ટમમાં રડાર વિન્ડ પ્રોફાઇલર (**Radar Wind Profiler**), સોડાર (**SODAR**) અને લિડાર-બેઝ્ડ સિલોમીટર (**Lidar-based Ceilometer**) જેવા અત્યાધુનિક સાધનો એકસાથે કામ કર છે.

- તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એ કાગળની નોટોના બદલે **પોલીમર** એટલે કે પ્લાસ્ટિકની નોટ બહાર પાડવા માટે પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો. આ પ્રકારની નોટનું આયુષ્ય સામાન્ય કાગળની નોટ કરતાં વધારે હોય છે અને તેનો ખર્ચ પણ ઓછો આવે છે.

## 2 જૂન

- ગુજરાતના વલસાડ જિલ્લાના 18 વર્ષીય યુવા એથ્લેટ **રાહુલ જાખરે** હોંગકોંગ (ચીન) ખાતે યોજાયેલી 22મી એશિયન અંડર 20 એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ડેકાથલોન સ્પર્ધામાં સુવર્ણચંદ્રક જીતીને ઈતિહાસ રચ્યો.

- ભારતે **વિયતનામ** સાથે બ્રહ્મોસ મિસાઈલ વેચવાના કરાર પર હસ્તાક્ષર કર્યા. સિંગાપોરમાં આયોજિત થયેલ શાંગ્રી-લા ડાયલોગમાં ભારતના સંરક્ષણ સચિવ રાજેશકુમાર દ્વારા આ મિસાઈલ બાબતે ડીલ કરવામાં આવી. અગાઉ ભારતે ફિલીપાઇન્સ સાથે પણ આ પ્રકારની ડીલ કરી છે અને વિયતનામ બાદ ભારત આગામી સમયમાં ઈન્ડોનેશિયા સાથે પણ બ્રહ્મોસ મિસાઈલ વેચવા બાબતે સમજૂતી કરશે.

- ચીનની શી જીંગ હોસ્પિટલ ખાતે 53 વર્ષના બ્રેનડેડ દર્દીમાં **ડુક્કરનાં** અંગોનું સફળ પ્રત્યરોપણ પણ કરવામાં આવ્યું. વિશ્વનો આ પ્રથમ એવો કિસ્સો છે જેમાં એક પ્રાણીના મલ્ટી ઓર્ગેનસને મનુષ્યમાં ટ્રાન્સફર કરવામાં આવ્યાં હોય. એક પ્રજાતિમાંથી બીજી પ્રજાતિમાં અંગો ટ્રાન્સલેટ કરવાની પદ્ધતિને ઝેનોટ્રાન્સપ્લાન્ટેશન તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રક્રિયામાં દર્દીના શરીરમાં ડુક્કલના બે કિડની અને એક લીવરને સફળતાપૂર્વક પ્લાન્ટ કરવામાં આવ્યાં હતાં.

- ઇન્ડિયન પ્રીમિયર લીગની 2026 ની ફાઈનલ મેચમાં **રોયલ ચેલેન્જર્સ બેંગલોરે** ગુજરાત ટાઇટન્સને પાંચ વિકેટ હરાવી સતત બીજી વખત IPLનો ખિતાબ પોતાના નામે કર્યો. આ ફાઇનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આયોજિત કરવામાં આવી હતી. સમગ્ર IPL દરમિયાન મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર તરીકે વૈભવ સૂર્યવંશીને, ઓરેન્જ કેપ માટે વૈભવ સૂર્યવંશીને, પર્પલ કેપ કાગીસો રબાડાને અને ઇમર્જિંગ પ્લેયર ઓફ ધ સીઝન વૈભવ સૂર્યવંશીને જાહેર કરવામાં આવ્યા.

- **મલેશિયા** સરકારે 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ રાખવા પર પ્રતિબંધ મૂક્યો છે. 16 વર્ષથી નાનાં બાળકો ફેસબુક instagram tiktok અને youtube જેવા પ્લેટફોર્મ પર એકાઉન્ટ બનાવી શકશે નહીં. આ નિયમ મલેશિયામાં 8 મિલિયન (80 લાખ)થી વધુ યુઝર્સ ધરાવતાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મને લાગુ પડે છે. નવું એકાઉન્ટ બનાવવા માટે સોશિયલ મીડિયા કંપનીઓએ સરકારી આઈડી કે પાસપોર્ટ દ્વારા ઉંમરની ચકાસણી કરવાની રહેશે. નિયમનો ભંગ કરનારને 10 મિલિયન મલેસિયસ રિંગિટ સુધીનો દંડ થઇ શકે છે.

- ભારતની સ્ટાર બૅડમિન્ટન જોડી **સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ** સિંગાપોર ઓપન 2026 મૅન્સ ડબલ્સનું ટાઇટલ જીત્યું. આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ જીતનારી તેઓ ભારતની સર્વપ્રથમ ડબલ્સ જોડી બની છે.

- પેસેન્જરની સંખ્યાની બાબતમાં **બેંગલુરુનું કેમપેગોડા ઇન્ટરનેશનલ એરપોર્ટ** મુંબઈને પાછળ છોડીને ભારતનું બીજું સૌથી વ્યસ્ત સ્થાનિક એરપોર્ટ બન્યું.

## 3 જૂન

- વિશ્વ સાયકલ દિવસ 3 જૂન. થીમ: Cycling for a greener future.

- **ફ્લોરિડાએ** ઓપન એઆઈ કંપની અને તેના સીઈઓ **સેમ ઓલ્ડ મેન** સામે કાનૂની દાવો દાખલ કર્યો. આવું કરનાર તે અમેરિકાનું પ્રથમ રાજ્ય બન્યું. આ ફરિયાદમાં **CHAT GPT સગીરો માટે અસુરક્ષિત** હોવાની વાત જણાવવામાં આવેલ છે. ફરિયાદ મુજબ ઓપન એઆઈ સગીરો માટે યોગ્ય વય ચકાસણી અને વાલીઓની દેખરેખ રાખવામાં નિષ્ફળ રહ્યું છે. ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સીટીમાં 2025માં થયેલ માસ શૂટિંગમાં હુમલાખોરોએ chat gptની સલાહ લીધી હોવાનો આક્ષેપ કર્યો છે.

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ (CCOE) દ્વારા **'ઓપેરેશન મ્યૂલ હન્ટ 1.0'** ચલાવવામાં આવ્યું. આ અભિયાન હેઠળ પોલીસે **2289 કરોડ રૂપિયાના સાયબર ફ્રોડનો** પર્દાફાશ કર્યો છે.

- શ્રીલંકા ખાતે રમાયેલી કોમનવેલ્થ ચેસ ગેમ્સ 2026માં સુરતની 12 વર્ષીય **માન્યા અભિષેક દ્રોલિયાએ** 3 મેડલ જીતીને ઈતિહાસ રચ્યો.

- વર્ષ 2026ની બ્રિક્સ ડિઝાસ્ટર રિડક્શન વર્કિંગ ગ્રુપની બીજી ટેકનિકલ બેઠકનું આયોજન ઓડીસાના **પૂરી** ખાતે કરવામાં આવ્યું. વર્ષ 2026માં બ્રિક્સનું અધ્યક્ષ પદ ભારત પાસે હોવાથી મહત્વની આંતરરાષ્ટ્રીય બેઠકોનાં આયોજન ભારત ખાતે કરવામાં આવી રહ્યાં છે. આ બેઠકમાં આપત્તિનાં જોખમો ઘટાડવા, મજબૂત ઇન્ફ્રાસ્ટ્રાક્ચર બનાવવા અને આપત્તિ વ્યવસ્થાપન માટે વિવિધ ટેકનોલોજીના ઉપયોગ સંબંધિત ચર્ચાઓ કરવામાં આવી. વાવાઝોડા સંબંધિત સમસ્યાઓ તેમજ આપત્તિની પૂર્વ તૈયારી અને ઉત્તમ વોર્નિંગ સિસ્ટમની શ્રેષ્ઠ વ્યવસ્થાના કારણે આ બેઠક માટે ઓરિસ્સાની પસંદગી કરવામાં આવી હતી. વર્ષ 2026ની બ્રિક્સ સમિતિની થીમ **'સ્થિતિ સ્થાપકતા નવીનતા સહકાર અને ટકાઉપણા માટે નિર્માણ'** છે.
    - ✓ બ્રિક્સ એક આંતર-સરકારી સંગઠન છે જેમાં અગિયાર મુખ્ય અર્થવ્યવસ્થાઓ શામેલ છે : બ્રાઝિલ, ચીન, ઇજિપ્ત, ઇથોપિયા, ભારત, ઇન્ડોનેશિયા, ઈરાન, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા અને સંયુક્ત આરબ અમીરાત.

- UN FAO સોઇલ ફાર્મર હીરો તરીકે તામિલનાડુના ખેડૂત **વલ્લુવનની** પસંદગી કરવામાં આવી. તેમણે કાવેરી કોલિંગ અભિયાનથી પ્રેરિત થઈને બહુ પાક પદ્ધતિ અપનાવીને તેમના નાળિયેરની ખેતીમાં એગ્રોફોરેસ્ટ્રિ સિસ્ટમને અપનાવીને તેમના ખેતરમાં નારિયેળની સાથે જાયફળ, મરી, કેળા, હળદરના પાકો લઈને તેમની આવકમાં નોંધપાત્ર વધારો દર્શાવ્યો છે. કાવેરી કોલિંગ અભિયાન અંતર્ગત કર્ણાટક અને તમિલનાડુના ખેતરોમાં 13.4 કરોડ વૃક્ષો વાવવામાં આવ્યા છે જેનો મુખ્ય લક્ષ્યાંક નદીઓને પુનઃજીવિત કરવાનો છે.

- ભારતીય સેનાએ **જોધપુર** ખાતે **આર્ટિફિશિયલ ઇન્ટેલિજન આધારિત સિસ્ટમ દિવ્યસ્ત્ર એ MK1 ટેક્ટિકલ લોઇટરિંગ મ્યુનિશનનું** સફળ પ્રદર્શન કર્યું. આ ડ્રોનની ઓપરેશનલ વેંત 500 કિલોમીટર સુધીની છે અને તે સતત પાંચ કલાક સુધી હવામાં રહી શકે છે. આ સિસ્ટમ લખનઉ સ્થિત ડિફેન્સ

ટેકનોલોજી સ્ટાર્ટઅપ હોવરઇટ દ્વારા વિકસાવવામાં આવી છે અને તેમાં 95%થી વધારે ભાગ સ્વદેશી ઉપયોગ કરવામાં આવ્યો છે.

- આફ્રિકામાં ફેલાયેલા ઈબોલા વાયરસ સામે લડવા માટે ભારતે ઈમરજન્સી મેડિકલ સહાય મોકલી.

## 4 જૂન

- આક્રમણનો ભોગ બનેલા બાળકોનો આંતરરાષ્ટ્રીય દિવસ 4 જૂન. યુનાઇટેડ નેશનના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ અંતર્ગત વર્ષ **2030** સુધીમાં બાળકો સામેની તમામ હિંસાઓનો અંત લાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલો છે.

- ભારતે સ્વદેશી **રુદ્રમ 2** એર ટુ એર સરફેસ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું. આ પરીક્ષણ DRDO અને વાયુસેના દ્વારા ઓડિશાના **ચાંદીપુરાથી સુખોઈ ફાઇટર જેટ** દ્વારા કરવામાં આવ્યું. આ સિસ્ટમ Anti-Radiation Missile (ARM) તરીકે કામ કર છે, જે દુશ્મનના રડાર અને કોમ્યુનિકેશન સિસ્ટમને નષ્ટ કરવા માટે બનાવવામાં આવી છે. આ મિસાઈલ હવામાન 5.5 Machની સ્પીડ સાથે 300 કિલોમીટર સુધીની પ્રહાર ક્ષમતા ધરાવે છે જે રુદ્રમ 1 કરતા બમણી છે. આ મિશન પોતાની સાથે 200 કિલોગ્રામ સુધીના હથિયાર લઈ જઈ શકે છે.

- બાંગ્લાદેશના વિદેશ મંત્રી **ખલીલુર રહેમાન** ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા **(UNGA)ના 81મા સત્રના** પ્રમુખ તરીકે ચૂંટાયા છે. તેમણે ગુપ્ત મતદાનમાં સાયપ્રસના એંડ્રેસ એસ કાકુરીસને હરાવ્યા હતા અને 190 માંથી 99 મત સાથે તેઓ જીત્યા હતા.

- પ્રધાનમંત્રી સૂર્ય ઘર એક્સેલન્સ એવોર્ડ માટે **ઓડિશાને** પસંદ કરવામાં આવ્યું. મધ્યમ ગ્રાહકો ધરાવતા રાજ્યોની શ્રેણીમાં ઓડીસા પ્રથમ નંબરે રહ્યું છે. આ યોજના વર્ષ 2014માં લોન્ચ થયેલ ભારત સરકારની એક મહત્વપૂર્ણ યોજના છે જેનો ઉદ્દેશ્ય દેશના એક કરોડ ઘરોની છત પર સોલાર પેનલ લગાવીને દર મહિને 300 યુનિટ સુધી મફત વીજળી આપવાનો છે.

- ભારતના યુવા ગ્રાન્ડમાસ્ટર **આર. પ્રજ્ઞાનાનંદાએ** નોર્વે ચેસ ટૂર્નામેન્ટના 8મા રાઉન્ડમાં વિશ્વના નંબર 1 ચેસ ખેલાડી મેગ્નસ કાર્લસનને ક્લાસિકલ ફોર્મેટમાં બીજી વખત હરાવીને મોટી સફળતા મેળવી.

- ભારતની કેન્દ્ર સરકાર દ્વારા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનના(CBSE) ઉચ્ચ વહીવટી સ્તરે બોર્ડના નવા ચેરપર્સન અને સેક્રેટરી તરીકે **લોખંડે પ્રશાંત સીતારામની** નિમણૂક કરી. આ ઉપરાંત, **વરુણ ભારદ્વાજને** CBSEના નવા સેક્રેટરી બનાવવામાં આવ્યા. વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા પેપર મૂલ્યાંકનમાં જોવા મળેલી વીસંગતતાઓની ફરિયાદ અને ટેકનિકલ ખામીઓની ફરિયાદ બાદ સરકાર દ્વારા આ ફેરફાર કરવામાં આવ્યો છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

- એર માર્શલ **તરુણ ચૌધરીએ** ભારતીય વાયુસેના (IAF)ના સેન્ટ્રલ એર કમાન્ડના નવા વડા (AoC-In-C) તરીકે ચાર્જ સાંભળ્યો.

- **મધર ડેરીએ** ભારતનું પ્રથમ નેચરલી ડીગ્રેડેબલ દૂધનું પાઉચ લોન્ચ કર્યું. આ દૂધનું પાઉચ આપમેળે કુદરતી રીતે ઓગળી જાય છે જેનાથી પ્લાસ્ટિક પ્રદૂષણને અટકાવી શકાશે. આ પેકેટ માત્ર ગાયના દૂધ માટે જ વાપરવામાં આવશે. આ પેકેટનો ઉપયોગ કર્યા બાદ તે બાયો અવેલેબલ વેક્સ (મીણ)માં પરિવર્તિત થશે.

- સુપ્રીમ કોર્ટના ઇતિહાસમાં 12મા મહિલા જજ તરીકે જસ્ટિસ વી.મોહનાએ શપથ ગ્રહણ કર્યા. તેઓ જસ્ટિસ ઇન્દુ મલ્હોત્રા બાદ વકીલમાંથી સીધાં જ સુપ્રીમ કોર્ટના જજ બનનાર દેશનાં બીજાં મહિલા વકીલ છે.

## 5 જૂન

- વિશ્વ પર્યાવરણ દિવસ 5 જૂન. વર્ષ 2026ની ઉજવણી **અઝરબૈજાનના** પાટનગર **બાકુ** ખાતે કરવામાં આવી. વર્ષ 2026ની થીમ **Inspired by nature. For climate. For one future** છે.

- ભારતની સુપ્રીમ કોર્ટે **અરવલ્લી પર્વતમાળાની** વ્યાખ્યા અને સીમાંકન બાબતે સરકારના અહેવાલની સમીક્ષા કરવા માટે સમિતિની રચના કરી. આ સમિતિના અધ્યક્ષ તરીકે ઇન્ડિયન કાઉન્સિલ ઓફ ફોરેસ્ટરી રિસર્ચ એન્ડ એજ્યુકેશનના ડાયરેક્ટર **જનરલ કંચન દેવીની** નિમણૂક કરવામાં આવી.

- **વિવિયન છાઇછરિયા, એરિયાના અગ્રવાલ અને અવ્યાના મહેતાએ** આંતરરાષ્ટ્રીય પર્યાવરણ સ્પર્ધા 'ધ અર્થ પ્રાઈઝ 2026' જીત્યું. આ એવોર્ડ મેળવનારી આ ભારતની પ્રથમ ટીમ છે. તેમણે પાણીમાંથી પ્લાસ્ટિકના ઝીણા કણો દૂર કરવા માટે **'પ્લાસ-સ્ટીક'** નામનું કુદરતી ફિલ્ટર બનાવ્યું છે. આ ફિલ્ટર **આંબલીના** કચૂકાના પાવડરમાંથી તૈયાર કરવામાં આવેલું છે. ધ અર્થ પ્રાઈઝ એવોર્ડ 13થી 19 વર્ષના વિદ્યાર્થીઓ માટે પર્યાવરણીય ટકાઉપણાના ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય સ્પર્ધા અને એવોર્ડ છે. પર્યાવરણીય પડકારાનો સામનો કરવા માટેની નવીન ટેકનિક્સ શોધતા વિદ્યાર્થીઓને આ પુરસ્કાર ધ અર્થ ફાઉન્ડેશન,જીનીવા દ્વારા આપવામાં આવે છે.

- ગુજરાત રાજ્ય સરકારે 'ગુજરાત વાયર ફ્રી સિટી મિશન' અંતર્ગત વર્ષ 2030 સુધીમાં રાજ્યના તમામ શહેરી વિસ્તારોને સંપૂર્ણપણે વાયર ફ્રી કરી દેવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. આ મિશન માટે રાજ્યની તમામ **17** મહાનગરપાલિકાઓ અને **151** નગરપાલિકાઓને આવરી લેવામાં આવશે. આ મિશન અંતર્ગત શહેરની અંદર અંદાજે 45000 કિલોમીટર લાંબા વીજ વિતરણ નેટવર્કને તબક્કાવાર ભૂમિગત કરવામાં આવશે. આ પ્રકારના પગલાથી શહેરોમાં સુરક્ષા વધશે તથા ચોમાસામાં વીજળી જવાની સમસ્યાઓ અટકશે.

- વિશ્વમાં પ્રથમ વખત 'વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપ 2026'નું આયોજન અમદાવાદના **EKA એરેના** ખાતે કરવામાં આવશે. આ ટુર્નામેન્ટમાં અમેરિકા, મલેશિયા અને કેન્યા સહિતના 60થી વધુ દેશોના 400થી પણ વધુ ખેલાડીઓ ભાગ લેશે. આ આયોજનનો મુખ્ય હેતુ પ્રાચીન ભારતીય યોગને વૈશ્વિક રમત તરીકે સ્થાપિત કરવાનો અને ભવિષ્યમાં તેને ઓલિમ્પિકમાં સ્થાન અપાવવાનો છે.

- વર્ષ 2026માં આયોજિત થનારી 52મી G7 શિખર સંમેલનનું આયોજન **ફ્રાન્સના એવીયન લેસ બેન્સ** ખાતે કરવામાં આવશે. આ બેઠકમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, આંતરરાષ્ટ્રીય વેપાર, ક્રિટિકલ મિનરલ સપ્લાય અને ગુનાખોરી સામેની લડત જેવા મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

- અમેરિકન સ્પેસ એજન્સી NASAએ તેના **'MAVEN' (Mars Atmosphere and Volatile Evolution) મંગળ મિશનને** સત્તાવાર રીતે સમાપ્ત જાહેર કર્યું. ડિસેમ્બર 2025થી આ સ્પેસક્રાફ્ટ સાથેનો સંપર્ક તૂટ્યા બાદ ફરીથી સંપર્ક સાધી શકાયો નહોતો. આ મિશન મંગળના વાતાવરણ અને તેના બદલાતા હવામાનના અભ્યાસ માટે મોકલાવમાં આવ્યું હતું.

## 6 જૂન

- તમિલનાડુ સરકારે **'વેત્રી તમિજગમ વિઝન ડોક્યુમેન્ટ'નું** અનાવરણ કર્યું. તેમાં 436 વિઝન સ્ટેટમેન્ટ અને 54 પેટા-સ્તંભોનો સમાવેશ થાય છે. આ દસ્તાવેજ શિક્ષણ, રોજગાર, મહિલા સશક્તિકરણ અને ખેડૂતો અને માછીમારોના કલ્યાણ પર વિશેષ ભાર મૂકે છે. સરકારે તેને તમિલનાડુના લાંબા ગાળાના વિકાસ માટે એક રોડમેપ તરીકે વર્ણવ્યું.
- પ્રખ્યાત અર્થશાસ્ત્રી **નીલકંઠ મિશ્રાને** વોશિંગ્ટનમાં વિશ્વ બેંકના મુખ્યાલયમાં ભારતના નવા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. નીલકંઠ મિશ્રા હાલમાં વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય છે.
- ભારત અને યુનાઇટેડ કિંગડમે સંયુક્ત રીતે **ક્રિટિકલ મિનરલ્સ ગ્લોબલ સપ્લાય ચેઇન ઓબ્ઝર્વેટરી (GSCO)** શરૂ કરી. તેનો ઉદ્દેશ્ય ભવિષ્યની ટેકનોલોજી માટે જરૂરી ખનિજોનો સુરક્ષિત પુરવઠો સુનિશ્ચિત કરવાનો છે. આ કેન્દ્ર સ્વચ્છ ઉર્જા અને ઇલેક્ટ્રિક વાહનો માટે જરૂરી કાચા માલની અછતને દૂર કરવામાં મદદ કરશે.
- ભારત ચીન સરહદ નજીક આવેલ **ચુમુર** ગામ **ભારતનું પ્રથમ મોડલ બોર્ડર વિલેજ** બન્યું. કેન્દ્ર સરકારની વાઇબ્રન્ટ વિલેજીસ પ્રોગ્રામ હેઠળ 10 આદર્શ સરહદી ગામ બનાવવાનો આયોજન છે જેમાં ચુમુર પ્રથમ ગામ બન્યું છે. આ ગામ **16,700 ફૂટની** ઊંચાઈએ આવેલું છે અને ગામમાં **24 પરિવાર અને માત્ર 91 લોકોની** વસ્તી જોવા મળેલ છે. આ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય **પશ્મીના ઊન ઉત્પાદન** અને **પશુપાલન છે.** આ પશ્મીના ઊન મેળવવા માટે **ચાંગથાંગી બકરીઓ** આ વિસ્તારમાં જોવા મળે છે.
- જસ્ટિસ **મીનાક્ષી મદન રાય**ની પટના હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી.
- કોંગ્રેસ પક્ષ દ્વારા **ડી.કે.શિવકુમારને** કર્ણાટકના 18મા મુખ્યમંત્રી તરીકે જાહેર કર્યા.

## 7 જૂન

- વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ 7 જૂનના રોજ મનાવવામાં આવે છે. આ દિવસનો ઉદ્દેશ્ય દુષિત ખોરાક અને પાણીના કારણે સ્વાસ્થ્ય પર થતી નકારાત્મક અસરો વિશે જનજાગૃતિ લાવવાનો છે. આ માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન અને ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન દ્વારા સંયુક્ત રીતે અભિયાન ચલાવવામાં આવે છે**.** થીમ: 'From burden to solutions - safe food everywhere'.
- IPS અધિકારી **જ્ઞાનેન્દ્ર સિંઘ મલિકની** ગુજરાતના પોલીસના નવા ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (DGP) તરીકે નિયુક્તિ કરવામાં આવી. તેમના નેતૃત્વમાં સમગ્ર રાજ્યમાં ઓપરેશન ડેલ્ટા હંટ ચલાવાયું હતું.

- જાપાનના **કાકામીગાહારા** ખાતે રમાયેલી ફાઈનલ મેચમાં **ભારતે** યજમાન જાપાનને 4-1 થી હરાવીને મૅન્સ અંડર-18 એશિયા કપ 2026નો ખિતાબ જીત્યો.

- એર માર્શલ **આશુતોષ દીક્ષિતની** ભારતીય વાયુ સેનાના આગામી વાઈસ ચીફ તરીકે નિયુક્તિ કરવામાં આવી.

- પશ્ચિમ એશિયામાં તણાવ અને સ્ટ્રેટ ઓફ હોર્મોઝમાં સુરક્ષાના પ્રશ્નોના કારણે ગલ્ફ દેશોમાંથી ભારતનો એલપીજી સપ્લાય પૂરો પાડવામાં **યુએસ** સૌથી મોટું સપ્લાયર બન્યું. ભારતમાં કુલ એલપીજી પુરવઠામાં અમેરિકાનો હિસ્સો 55 ટકાથી વધુ રહ્યો જેના માટે ભારતે વાર્ષિક 2.2 મિલિયન ટન આયાતનો કરાર કર્યો હતો. આ ઉપરાંત, ભારતે સાત વર્ષ બાદ ફરીથી ઈરાનથી એલપીજીની આયાત શરૂ કરી છે.

- ભારતમાં શાકાહારી અને વેગન ખોરાક ખાતા ગ્રાહકોની સુરક્ષા માટે FSI દ્વારા નવો નિયમ જાહેર કરી તમામ વેગન ફૂડ પેકેટ પર વેગન લોગો લગાવવો ફરજિયાત કરવામાં આવ્યો. આ અધિકૃત લોગોમાં લીલા રંગના ચોરસ ફ્રેમમાં એક સ્ટાઈલિશ 'V' અક્ષર, એક ઉગતું પાન અને તેની નીચે અંગ્રેજીમાં 'VEGAN' લખેલું પ્રતીક છે.

- **લિયોનલ મેસી** પ્રિન્સેસ ઓફ અસ્તુરિયસ સસ્પોર્ટ્સ એવોર્ડ જીતનાર પ્રથમ ફૂટબોલ ખેલાડી બન્યા. આ પુરસ્કાર સ્પેનનો સૌથી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે જે રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓ માટે આપવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રમાં વૈશ્વિક પ્રતિનિધિત્વના ભાગરૂપે **પોર્ટુગલ અને ઓસ્ટ્રેલિયા** યુનાઇટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલના બિન સ્થાયી સભ્ય તરીકે ચૂંટાયા. તેઓ બે વર્ષના કાર્યકાળ માટે આ પદ પર રહેશે. UNSC માં કુલ **15 સભ્યો** હોય છે. જેમાં 5 કાયમી સભ્યો તરીકે ચીન, ફ્રાન્સ, રશિયા, યુકે, યુએસ સમાવિષ્ટ છે, જ્યારે 10 બિન કાયમી સભ્યો હોય છે. બિન કાયમી સભ્યો 2 વર્ષ માટે ચૂંટાય છે અને સતત બીજી વખત તેઓ ચૂંટણીમાં દાવેદારી કરી શકતા નથી.

## 8 જૂન

- માત્ર 15 વર્ષની ઉંમરે **વૈભવ સૂર્યવંશી** ટીમ ઇન્ડિયામાં પસંદ થનાર સૌથી યુવા ક્રિકેટર બન્યો. તેમની પસંદગી આયર્લેન્ડ અને ઇંગ્લેન્ડ સામેની T20 શ્રેણી તેમજ એશિયન ગેમ્સ માટે ભારતીય ટીમમાં કરવામાં આવી છે. વૈભવ સૂર્યવંશીએ મહિલા ક્રિકેટમાં શેફાલી વર્મા અને પુરુષ ક્રિકેટમાં સચિન તેંડુલકરનો સૌથી નાની ઉંમરે જોડાવાનો રેકોર્ડ તોડ્યો છે. ભારતીય ટીમના નવા ટી 20 કેપ્ટન તરીકે **શ્રેયસ ઐયરની** પસંદગી કરવામાં આવી છે જ્યારે **તિલક વર્માને** વાઇસ કેપ્ટન બનાવવામાં આવશે.

- ભારતમાં **E85 ફ્યુઅલનું લોન્ચિંગ** કરવામાં આવ્યું. આ ફ્યુઅલમાં 15% પેટ્રોલ અને 85% ઇથેનોલનું મિશ્રણ કરવામાં આવશે. આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય આયાતી ક્રૂડ ઓઇલ પરની નિર્ભરતા ઘટાડીને કૃષિ ક્ષેત્રમાં ઇથેનોલના નિર્માણથી આર્થિક વૃદ્ધિ છે. પ્રારંભિક ધોરણે આ ઇંધણનો ઉપયોગ દિલ્હી-NCR, મુંબઈ, પૂણે અને નાગપુર જેવા શહેરોમાં કરવામાં આવશે.

- ભારતના યુવા ગ્રાન્ડમાસ્ટર **આર. પ્રજ્ઞાનાનંદે** પ્રતિષ્ઠિત નોર્વે ચેસ ટૂર્નામેન્ટ જીતીને ઈતિહાસ રચ્યો. આ જીત સાથે તેઓ નોર્વે ચેસ ટૂર્નામેન્ટ જીતનાર સર્વપ્રથમ ભારતીય ખેલાડી બન્યા છે.

- આંધ્ર પ્રદેશના **વિશાખાપટ્ટનમ** ખાતે રાજ્યના પ્રથમ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી. આ પ્રોજેક્ટ ઇન્ડિયા સેમી કંડકટર મિશન હેઠળ મંજૂર કરવામાં આવ્યો છે અને એડવાન્સ સિસ્ટમ ઇન પેકેજ ટેકનોલોજીસ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા પ્રોજેક્ટ સંચાલિત કરવામાં આવશે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા **દમણ** ખાતે નમો એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય આ વિસ્તારમાં હવાઈ કનેક્ટિવિટી વધારીને પ્રવાસનને વેગ આપવાનો તથા રોજગારને મજબૂત બનાવવાનો છે.

## 9 જૂન

- **ભારતીય મહિલા ફૂટબોલ ટીમે** ફાઇનલમાં બાંગ્લાદેશને 3-1થી હરાવીને છઠ્ઠી વખત SAFF ચેમ્પિયનશિપનો ખિતાબ મેળવ્યો.

- ભારત વર્ષ 2026ના અંત સુધીમાં 500 ફ્લેક્સ ફ્યુઅલ પંપ અને 2027 સુધીમાં 5000 આઉટલેટ શરૂ કરશે. વર્તમાનમાં MARUTI SUZUKI અને હીરો મોટોકોર્પ દ્વારા E-20થી E-85 સુધી ચાલી શકે તે પ્રકારનાં વાહનો લોન્ચ કરાયાં છે.

- કેરળનું પ્રખ્યાત પર્યટન શહેર **વર્કલા** યુએન દ્વારા જાહેર કરવામાં આવેલ વિશ્વનાં 20 ઝીરો વેસ્ટ સીટીમાં સ્થાન મેળવનાર ભારતનું એકમાત્ર શહેર બન્યું. વર્ષ 2020માં હરિતા કર્મ સેના દ્વારા 262 મહિલાઓની ટીમે શરુ કરેલ અભિયાન અંતર્ગત ઘરે ઘરે જઈને લોકોને 100% કચરો અલગ અલગ તારવતાં શીખવ્યું અને તેના પગલે આ શહેરની પસંદગી કરવામાં આવી છે. અહીં સ્થાપિત એક પ્લાન્ટની મદદથી સેનેટરી અને બાયોમેડિકલ વેસ્ટમાંથી 60 kw વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે.

- પેરિસ ખાતે આયોજિત Clay Court રોલેન્ડ ગેરોસ ખાતેની ફ્રેન્ચ ઓપન 2026 ટેનિસ ટુર્નામેન્ટમાં ઇલેકઝાન્ડર ઝવેરેવ અને મીરાં એન્ડરીવા ચેમ્પિયન બન્યા. તેમણે પોતાની કારકિર્દીમાં પ્રથમ વાર ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીત્યું છે.

## 10 જૂન

- નાસાના પ્રાયોગિક વિમાન **X 59એ** સફળતાપૂર્વક પ્રથમ વખત અવાજની ગતિથી વધુ ઝડપે ઉડી શકતા સુપરસોનિક ફ્લાઇટનું સફળ પરીક્ષણ કર્યું. આ મિશનનો ઉદ્દેશ્ય ભવિષ્યમાં હવાઈ મુસાફરીની ઝડપ વધારવાની સાથે અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો છે. પરંપરાગત સુપર સોનિક વિમાનો જ્યારે અવાજની ગતિ 1 મેકને પાર કરે ત્યારે અત્યંત મોટો અવાજ પેદા કરે છે જેને **સોનિક બુમ** તરીકે ઓળખવામાં આવે છે. આ અવાજ એકલો તીવ્ર હોય છે કે જેનાથી મકાનોના કાચ પણ તૂટી શકે છે. જ્યારે નાસાનું આ નવું વિમાન X - 59 આ અવાજને માત્ર એક હળવા સ્પંદનમાં બદલી નાખે છે.

- અમદાવાદમાં આયોજિત પ્રથમ વિશ્વ યોગાસન ચેમ્પિયનશીપમાં ભારતીય ખેલાડીઓના અદ્ભુત પ્રદર્શનને કારણે **ભારત** 114 મેડલ સાથે મેડલ ટેબલમાં પ્રથમ સ્થાને રહ્યું.

- સ્ટોકડોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (SIPRI) દ્વારા જાહેર કરાયેલા વાર્ષિક અહેવાલ 'SIPRI યરબુક 2026' અનુસાર, વૈશ્વિક સૈન્ય ક્ષમતા અને પરમાણુ શસ્ત્રોની બાબતમાં દક્ષિણ એશિયામાં મોટા

બદલાવ જોવા મળ્યા. જાન્યુઆરી 2026 સુધીમાં ભારત પાસે અંદાજે 190 પરમાણુ હથિયારો છે જે પાકિસ્તાન કરતાં 20 વધુ છે. વર્ષ 2025 માં ભારતનો સંરક્ષણ ખર્ચ 8.9%ના વધારે સાથે 92.1 મિલિયન ડોલરનો થયો છે. આ સાથે ભારત વૈશ્વિક સ્તરે **પાંચમો** સૌથી મોટો સૈન્ય ખર્ચ કરનાર દેશ બન્યો છે.

- આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો અમલ કરનાર પશ્ચિમ બંગાળ ભારતનું **36મું** રાજ્ય બન્યું.

- રાષ્ટ્રપતિ મુર્મુએ નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત સમારોહમાં 7 કીર્તિ ચક્ર, 15 વીર ચક્ર અને 29 શૌર્ય ચક્ર એનાયત કર્યા.

- ઇટાલીની **'ગ્રોટ્ટા ડેલા બાસરા'** ગુફામાંથી પ્રાગ ઐતિહાસિક કાળના પાંચ મનુષ્યોના આશરે 14,000 વર્ષ જૂના પગ અને હાથના નિશાન મળ્યાં છે. આ નિશાન **એપિગ્રેવેટિયન સંસ્કૃતિના** શિકારીઓનાં છે. આ ઉપરાંત અહીં વસવાટ કરનાર પ્રજાતિ પેટે સરકીને ટનલમાં પ્રવેશતી હોવાના તથા સ્કોટ પાઇન વૃક્ષની ડાળીઓની મસાલનો પ્રકાશ માટે ઉપયોગ કરતા હોવાના પુરાવાઓ મળ્યા છે.

## 11 જૂન

- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, જામનગર અને મેટા વચ્ચે જામનગર ખાતે AI સેન્ટર બનાવવા માટે કરાર કરવામાં આવ્યા. રિલાયન્સ આ પ્રોજેક્ટ માટે સિંગલ વિન્ડો સોલ્યુશન પ્રોવાઇડ કરશે. આ સેન્ટરમાં પુનઃ પ્રાપ્ય ઊર્જા અને કુલિંગ માટે દરિયાઇ પાણીને ડિસિલિનેટેડ કરીને ઉપયોગ કરવામાં આવશે. આ પ્લાન્ટ 168 MW ક્ષમતાની AI સક્ષમ સુવિધા ઉભી કરશે અને મેટા તેને લીઝ પર ખરીદશે.

- જમ્મુ કાશ્મીર અને લદાખ વચ્ચે ઓલ વેધર કનેક્ટિવિટી પુરી પાડતી ભારતની સૌથી મોટી રોડ ટનલ **ઝોઝીલા ટનલનું** અંતિમ બેકથ્રુ મેળવવામાં આવ્યું. આ ટનલ દરિયાઇ સપાટીથી આશરે **11,578 ફૂટની** ઊંચાઇએ આવેલી છે અને તેનો ઉપયોગ સિંગલ ટ્યુબ બાય ડાઇરેક્શન બાયપાસ ટનલ છે. આ ટનલથી શ્રી નગર અને લેહ રાષ્ટ્રીય રાજમાર્ગનું અંતર 3 કલાકથી ઘટીને 15 મિનિટ થશે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ PMOમાં સતત **4,399 દિવસ** પૂર્ણ કરી સૌથી લાંબો સમય સત્તામાં રહેવાનો રેકોર્ડ બનાવ્યો. ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ 4,398 દિવસની સેવા આપીને સૌથી લાંબો સમય સેવા આપનાર તરીકે પ્રથમ ક્રમે હતા.

- APEDAએ **આસામની** પ્રખ્યાત GI TAG પ્રાપ્ત તેઝપુર લીચીની દુબઇ ખાતે પ્રથમ સફળ નિકાસ પૂર્ણ કરી. આ પ્રદેશમાં લીચીની બોમ્બાયા , બિલાતી, ઇલાયચી, પિયાજી અને શાહી જેવી લોકપ્રિય જાતો ઉગાડવામાં આવે છે.

- પંજાબના પૂર્વ રાજ્યપાલ **બનવારીલાલ પુરોહિત** ભારતીય વિદ્યાભવનના નવા પ્રમુખ તરીકે ચૂંટાયા.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC

## 12 જૂન

- 12 જૂન વિશ્વ બાળમજૂરી વિરોધી દિવસ. આ દિવસ ILO (International Labour Organisation) દ્વારા ઉજવવામાં આવે છે.

- ભારતે **સર્વાઇકલ કેન્સર** (ગર્ભાશયના મુખનું કેન્સર)ના સ્ક્રીનિંગ માટે **ગોવાની મોલ્બિઓ ડાયગ્નોસ્ટિક્સ** કંપની દ્વારા વિકસાવવામાં આવેલી દેશની પ્રથમ સ્વદેશી ટેસ્ટ **'Truenat HR-HPV-Plus'** નું સફળતાપૂર્વક મૂલ્યાંકન કર્યું. આ ટેસ્ટ હાઈ રિસ્ક ધરાવતા આઠ પ્રકારના હ્યુમન વાયરસને ઓળખી શકે છે. વડાપ્રધાન દ્વારા કેન્સર માટે 14 વર્ષથી નાની કિશોરીઓને સમગ્ર દેશમાં ફ્રીમાં રસી આપવા માટેની પ્રોજેક્ટની શરૂઆત અજમેરથી કરવામાં આવી હતી.

- **મધ્યપ્રદેશ** સરકાર દ્વારા તાજેતરમાં સરકારી નોકરીઓની પાત્રતા તેમજ કાર્યરત કર્મચારીઓ માટેના **બે બાળકોના** નિયમને પાછો ખેંચવાનો નિર્ણય કર્યો. વર્ષ 2001માં તત્કાલીન કોંગ્રેસ સરકાર દ્વારા આ નિયમ લાગુ કરવામાં આવ્યો હતો.

- ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં **લેન્ડ પોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ (LPMS) 'VINIMAY'** લોન્ચ કરી. આ ડિજિટલ પ્લેટફોર્મ ભારતની આંતરરાષ્ટ્રીય સરહદો પર આવેલા લૅન્ડ પોર્ટ્સ પર કાર્ગો, મુસાફરો અને વાહનોની અવરજવરને આધુનિક અને ડિજિટલ બનાવવા માટે શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રકારની ડિજિટલ સિસ્ટમ લાગુ થવાથી સરહદી વેપારમાં કાગળના વપરાશમાં ઘટાડો થશે અને સરહદી ટ્રકો માટેનો ગેટ પ્રોસેસિંગ સમય પણ ઘટી જશે.

- **અમદાવાદ** મહાનગરપાલિકાએ શહેરમાં સ્ટ્રીટ ફૂડની સ્વચ્છતા અને ગુણવત્તા જાળવવા માટે **QR CODE** આધારિત ફીડબેક સિસ્ટમ લોન્ચ કરી. ગ્રાહકો QR સ્કેન કરીને 1થી 5 સુધીનું રેટિંગ આપી શકે છે. જે વેન્ડર્સનું રેટિંગ ત્રણથી ઓછું હશે તેમને ચેતવણી આપવામાં આવશે.

- **ઉત્તર પ્રદેશ** સરકાર દ્વારા રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં હાઇ સ્પીડ ઇન્ટરનેટ પહોંચાડવા માટે **'પ્રોજેક્ટ ગંગા'ની લખનૌ** ખાતેથી શરૂઆત કરી. આ પ્રોજેક્ટ અંતર્ગત 20 લાખ ગ્રામીણ પરિવારોને ઇન્ટરનેટથી જોડવામાં આવશે. સરકાર દ્વારા ગ્રામીણ ક્ષેત્રે ઇન્ટરનેટ સુવિધાઓ પૂરી પાડવા માટે 8,000થી 10,000 યુવાનોને ડિજિટલ સર્વિસ પ્રોવાઇડર તરીકે તૈયાર કરવામાં આવશે. **હિંદુજા ગ્રુપની** બ્રોડબેન્ડ શાખા આ પ્રોજેક્ટ માટે નોલેજ પાર્ટનર તરીકે કામ કરશે.

- **ઝીંગાના કવચમાંથી** મળતા **કાઈટિન અને કાયટોશન** તેમજ રેશમના કોશેટોમાંથી મળતા **ફાઇબ્રોઇન પ્રોટીનનું** મિશ્રણ કરીને ભારતીય મૂળની ઓસ્ટ્રેલિયન વિદ્યાર્થીની **એન્જેલિના અરોરાએ** પર્યાવરણને અનુકૂળ બાયો પ્લાસ્ટિક વિકસાવ્યું. આ બાયો પ્લાસ્ટિક સસ્તું, મજબૂત અને પારદર્શક છે તથા સામાન્ય પ્લાસ્ટિકને નાશ થતાં લાગતા સેંકડો વર્ષ સામે આ પ્લાસ્ટિક માત્ર 33 દિવસમાં સંપૂર્ણ ઓગળીને જમીનમાં મિશ્ર થઈ જાય છે.



## 13 જૂન

- લેફ્ટનન્ટ જનરલ **રાજીવ થઈને** રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (એનએસસીએસ) ના નવા મિલિટ્રી એડવાઇઝર નિયુક્ત કરાયા છે. તેઓ ઓપરેશન સિંદૂર દરમિયાન ડીજીએમઓ રહ્યા હતા. રાજીવ એનએસસીએસના પદ પર નિયુક્ત થનારા પ્રથમ સેવારત અધિકારી હશે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી **ફ્રાન્સ અને સ્લોવાકિયાની** મુલાકાતે ગયા. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય યુરોપિયન દેશો સાથે ભારતના વ્યુહાત્મક સંબંધો મજબૂત કરવાનો અને ટેકનોલોજી, સંરક્ષણ તેમજ નવીનતા ક્ષેત્ર સહયોગ વધારવાનો છે. વડાપ્રધાન ફ્રાન્સના **નિસ** શહેરની મુલાકાત લેશે અને રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે બેઠક કરશે. વડાપ્રધાન સ્લોવાકિયા ખાતે રાષ્ટ્રપતિ **પીટર પેલેગ્રી અને** વડાપ્રધાન **રોબર્ટ ફીકો** સાથે મુલાકાત કરશે.

- 27 રાજ્યસભા બેઠકોમાંથી 24 માટે ઉમેદવારો ચૂંટણી વિના ચૂંટાયા. તેમાં કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, પવન ખેરા અને ભાજપના સતીશ પુનિયાનો સમાવેશ થાય છે. બિનહરીફ ચૂંટાયેલા 24 સભ્યોમાંથી 19 NDAના અને 5 કોંગ્રેસના છે.

- નાણા મંત્રાલયે **E22, E25, E27 અને E30 પેટ્રોલ** પરની એક્સાઇઝ ડ્યુટી સંપૂર્ણપણે માફ કરી દીધી. સરકારનો ઉદ્દેશ્ય ઇથેનોલનો ઉપયોગ વધારવાનો અને ક્રૂડ ઓઇલ આયાત પર નિર્ભરતા ઘટાડવાનો છે.

- વિદેશ મંત્રાલયે IPS **રુદ્ર ગૌરવ શ્રેષ્ઠને** તુર્કીમાં ભારતના નવા રાજદૂત તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ હાલમાં ઈરાનમાં ભારતના રાજદૂત છે અને ટૂંક સમયમાં તુર્કીની રાજધાની અંકારામાં કાર્યભાર સંભાળશે.

## 14 જૂન

- 14 જૂન વિશ્વ રક્તદાતા દિવસ. આદિવાસી **કાર્લ લેન્ડસ્ટેનરની જન્મ જયંતીના** ભાગરૂપે મનાવવામાં આવે છે. તેમણે રુધિર જૂથો બાબતે માહિતી આપી હતી. થીમ '**One drop of humanity. give blood save lives.**'

- ઓડિશાના પ્રખ્યાત શિલ્પ કલાકાર અને પદ્મશ્રી વિજેતા સુદર્શન પટનાયકે રશિયા ખાતે આયોજિત ઇન્ટરનેશનલ ફેસ્ટિવલ ઓફ સેન્ડ સ્કલ્પચરમાં પ્રતિષ્ઠિત રશિયા ગ્રાન્ડ સેન્ડ માસ્ટર 2026 જીત્યો. આ એવોર્ડ જીતનાર તેઓ પ્રથમ ભારતીય રેત શિલ્પકાર બન્યા છે. તેમણે બનાવેલ કલાકૃતિ ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણ સંરક્ષણ પર આધારિત હતી.

- **મસ્ક વિશ્વના** પ્રથમ ટ્રીલીઓનર (1 લાખ કરોડ ડોલરની સંપત્તિ) બન્યા. તેમની રોકેટ કંપની સ્પેસએક્સના શેર બજારમાં અત્યાર સુધીના સૌથી મોટા લિસ્ટિંગના કારણે તેમની સંપત્તિમાં આ વધારો જોવા મળ્યો છે.

- ઇન્સ્ટિટ્યૂટ ફોર ઇકોનોમિક્સ એન્ડ પીસ દ્વારા **ગ્લોબલ પીસ ઇન્ડેક્સ 2026** જાહેર કરવામાં આવ્યો. આ અહેવાલ વિશ્વના 163 દેશોમાં શાંતિ અને સુરક્ષાની સ્થિતિનું મૂલ્યાંકન આપે છે. આ યાદી મુજબ **આઇસલેન્ડ** વિશ્વનો સૌથી શાંતિપૂર્ણ દેશ છે. આ યાદી મુજબ ભારત **127મા** સ્થાને છે. આ યાદી મુજબ **રશિયા** સૌથી ઓછો શાંતિપૂર્ણ દેશ છે.

## 15 જૂન

- એપ્રિલ 2024 ના ડેટા મુજબ **ભારત** બ્રાઝિલ અને ઇન્ડોનેશિયાને પાછળ રાખે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડયન બજાર બન્યું છે. આ યાદી મુજબ **અમેરિકા** અને **ચીન** અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને છે.

- 15 જૂન વિશ્વ પવન દિવસ. યુરોપિયન વિન્ડ એનર્જી એસોસિએશન દ્વારા 2007માં દિવસની ઉજવણીની શરૂઆત કરી હતી.


- રક્ષા મંત્રી રાજનાથ સિંહ તેલંગણાના હૈદરાબાદ ખાતે **રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરીમાં એડવાન્સ વેપન સિસ્ટમ કોમ્પ્લેક્સનું** ઉદઘાટન કર્યું. આ સેન્ટર આગામી પેઢીનાં આધુનિક હથિયારો અને સ્વદેશી એર ડિફેન્સ મિસાઇલોનું નિર્માણ કરશે.

- ICC દ્વારા દર 4 વર્ષે આયોજિત થનારી વન ડે ઇન્ટરનેશનલ ક્રિકેટની સૌથી પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ 2027નું આયોજન 14મી આવૃત્તિ તરીકે **દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબીયા** દ્વારા કરવામાં આવશે. આ ટુર્નામેન્ટમાં કુલ 14 ટીમો ભાગ લેશે અને 50 ઓવરના ફોર્મેટ માં કુલ 54 મેચો રમાશે.

- **IIT ભુવનેશ્વરે** પાણીમાં આર્સેનિકની માત્રા માપવા માટે **ArsenSafe** નામનું પોર્ટેબલ ડિવાઇસ બનાવ્યું. આ ઉપકરણની મદદથી લેબોરેટરીમાં ગયા વિના સ્થળ પર જઈને જ પાણીની સરળતાથી ચકાસણી કરી શકાશે. આ ડિવાઇસ **રીડ્યુઝ ગ્રાફીન ઓક્સાઈડ સેન્સર અને મશીન લર્નિંગ ટેક્નિક** પર કામ કરે છે અને માત્ર 17.4 સેકન્ડમાં પરિણામ આપે છે. પાણીમાં આર્સેનિક ભળવાથી કેન્સર, ચામડીના રોગ અને હૃદયની બીમારીઓ થાય છે.

- કેન્દ્ર સરકારે ટેલિકોમ્યુનિકેશન એક્ટ 2023 અંતર્ગત ટીવી અને રેડિયો માટે નવા નિયમો જાહેર કર્યા. દરરોજ સવારે 6થી રાત્રે 11 વચ્ચે ઓછામાં ઓછી 30 મિનિટ ટીવી ચેનલો દ્વારા જાહેર હીતના કાર્યક્રમો બતાવવા ફરજિયાત રહેશે તેમજ રેડિયો પર 1 કલાક જાહેર હિતના કાર્યક્રમો પ્રસારિત કરવા પડશે. આ પ્રસારણમાં શિક્ષણ, કૃષિ, આરોગ્ય, મહિલા કલ્યાણ, પર્યાવરણ સુરક્ષા અને રાષ્ટ્રીય એકતા જેવા સામાજિક વિષય ઉપર સામગ્રી તૈયાર કરવાની રહેશે.

- ભારતીય સેનાને ભારતની સ્થાનિક સંરક્ષણ કંપની **SMPP** દ્વારા **100 જેટ** આધારિત **અગ્નિવેગ કામિકાઝ ડ્રોન** આપવામાં આવ્યાં. કામિકાઝ ડ્રોન એક લોઇટરિંગ મ્યુનિશન એટલે કે એક પ્રકારનું આત્મઘાતી ડ્રોન છે, જે ટાર્ગેટ કે દુશ્મનનાં ઠેકાણાં પર સચોટ હુમલો કરે છે અને તેની સાથે જ નષ્ટ થઈ જાય છે. આ ડ્રોન ટર્બોજેટ એન્જીનથી સંચાલિત છે અને 1 કલાક દરમિયાન 450 KMની ઝડપ ધરાવે છે. તેની ઓપરેશનલ રેન્જ **180 કિમી** છે. તેની સચોટતા (CEP) 5 મીટરથી ઓછી છે, જેથી તે લક્ષ્યને ચોક્કસપણે નષ્ટ કરે છે. દુશ્મનની ઇલેક્ટ્રોનિક જેમિંગ (Jamming) કે સ્પૂફિંગની આના પર કોઈ અસર થતી નથી. લક્ષ્ય નક્કી થયા પછી, તે માનવ હસ્તક્ષેપ વગર મિશન પૂરું કરી શકે છે. [1, 2]



એક એપ, બધી પરીક્ષાઓ
કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...
સરકારી નોકરીની
તૈયારી કરો
ડાઉનલોડ કરો ગુજરાતની નં.1 એપ
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - RFO
Dy. SO/મામ. | કલાર્ક | તલાટી | કોન્સ્ટેબલ
CCE | TAT | TET | HTAT
ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે
સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
ડાઉનલોડ કરો Crack GPSC એપ
અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી
અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC
વધુ વિગત માટે સંપર્ક કરો.
7600051070